**જરૂર છે ભાગીયાની**

**૩ જા ભાગે આપવાની છે.**
૩૫ વિઘા પાણી વાણી જમીન, ૦૨ કુવા, એક ડાર, ૦૨ રૂમ, લાઈટ કનેકશન, ફરતી તાર ફેન્સીંગ, ઝટકા મશીન લાગેલ.

સ્થળ :- સોનગઢ, ભાગનગર.
મો. નં. :- ૯૭૨૫૫૦૯૩૩૩ / ૭૯૮૪૯૨૯૨૯૫

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૩ • કુલ પાના : ૪ • તારીખ : ૦૫-૦૯-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-   આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | www.panchmahalsamachar.com

### મોંઘવારીની વિરુદ્ધ કોંગ્રેસનો હલ્લા બોલ

## આજે દેશ સામે સૌથી મોટી સમસ્યા બેરોજગારી, મોંઘવારી અને વધી રહેલી નફરત છે.: રાહુલ ગાંધી

### હું ઈડીથી ડરતો નથી.૫૫ કલાક કે પછી ૫ વર્ષ સુધી બેસાડીને પૂછપરછ કરી લો



નવીદિલ્હી, કોંગ્રેસ દ્વાર આજે કરવામાં આવેલી હલ્લા બોલ રેલી દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં. મોદી સરકારમાં માત્ર બે ઉદ્યોગપતિઓ ઉભા થઈ રહ્યા છે. તમારા ડર અને નફરતનો ફાયદો તેમના હાથમાં જઈ રહ્યો છે. છેલ્લા ૮ વર્ષમાં અન્ય કોઈને કોઈ લાભ મળ્યો નથી. મીડિયા દેશના લોકોને ડરાવે છે. આ બે ઉદ્યોગપતિઓને તેલ, એરપોર્ટ, મોબાઈલનું સમગ્ર ક્ષેત્ર આપવામાં આવી રહ્યું છે.જે ભયભીત છે તેનામાં નફરત ઉત્પન્ન થાય છે. ભારતમાં નફરત વધી રહી છે. ભારતમાં ભય વધી રહ્યો છે. મોંઘવારી, બેરોજગારી અને ભવિષ્યનો ભય વધી રહ્યો છે. બીજેપી અને આરએસએસના નેતાઓ દેશના ભાગલા પાડે છે અને જાણીજોઈને દેશમાં ભય પેદા કરે છે. તેઓ લોકોને ડરાવે છે અને નફરત પેદા કરે છે.

રાહુલ ગાંધીએ મીડિયા પર પ્રહાર કરતા કહ્યુ કે, મીડિયા ફક્ત ૨ ઉદ્યોગપતિઓ પાસે છે. બે ઉદ્યોગપતિ દેશની સમગ્ર મીડિયાનું સંતુલન કરે છે તેથી લોકો સુધી સચ્ચાઈ પહોંચતી નથી. બે ઉદ્યોગપતિ અને મીડિયા વિના નરેન્દ્ર મોદી વડાપ્રધાન નથી. મીડિયા સત્ય ઉજાગર કરી શકતી નથી, સંસદમાં અમને બોલવા દેવામાં આવતુ નથી તેથી અમારી પાસે ફક્ત જનતા વચ્ચે જ જવાનો રસ્તો વધ્યો છે.

રોજગારી વિશે ભાજપ ઉપર પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યુ કે મોદી સરકારમાં ફક્ત બે ઉદ્યોગપતિ કમાઈ રહ્યા છે, પણ આ બે ઉદ્યોગપતિ રોજગારી આપવાનું કામ નથી કરતાં. રોજગાર આપવાનું કામ મધ્યમ અને નાના વ્યાપાર કરે છે. જેની કરોડરજ્જુને મોદી સરકારે તોડી દીધી છે, જેના કારણે આવનારા વર્ષોમાં હજુ પણ મોંઘવારી તેમજ બેરોજગારી વધશે. વધુમાં તેમણે ઉમેર્યુ કે કોંગ્રેસના ૭૦ વર્ષના સાશનમાં ક્યારેય આટલી મોંઘવારી જોવા મળી નહતી.

ભાજપ પર આકરા પ્રહાર કરતાં રાહુલ ગાંધીએ કહ્યુ કે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની પાસેથી સપના જોવાનો અધિકાર છિનવી લેવામાં આવ્યો છે. ગરીબ વર્ગ સારું જીવનધોરણ અને બાળકોની સારી શિક્ષાનું સપનું જોઈ શકતાં નથી.રેલીમાં રાહુલે કહ્યું- નફરત ભયનું એક સ્વરૂપ છે. જેને ભય લાગે છે તેના હૃદયમાં નફરત જન્મે છે. જે ડરતો નથી, તેના હૃદયમાં દ્વેષ ઉત્પન્ન થતો નથી. ભારતમાં પણ નફરત વધી રહી છે તે જ વાતને બીજી રીતે કહીએ તો ભારતમાં ભય વધી રહ્યો છે. ભવિષ્યનો ભય, મોંઘવારીનો ભય, બેરોજગારીનો ભય..આ ભય વધી રહ્યો છે.જેના કારણે ભારતમાં નફરત વધી રહી છે.રાહુલ ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકાર કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ઈડી દ્વારા ૫૫ કલાક સુધી મારી પૂછપરછ કરવામાં આવી, હું તમારા ઈડીથી ડરતો નથી. તમે મને ૫૫ કલાક કે ૫ વર્ષ સુધી પૂછપરછ કરતા રહો, તેનાથી કોઈ ફરક પડશે નહીં.

રાહુલે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીનો કાર્યકર જ દેશને બચાવી શકે છે. કોંગ્રેસની વિચારધારા દેશને પ્રગતિના પંથે લાવી શકે છે. સરકારે અમારા માટે રસ્તો બંધ કરી દીધો છે. સંસદનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. સંસદમાં વિપક્ષનું માઈક બંધ કરી દેવામાં આવે છે, અમને બોલવા દેવામાં આવતા નથી. ચૂંટણી પંચ, ન્યાયતંત્ર પર દબાણ છે. તેથી જ લોકોની વચ્ચે જઈને દેશની સાચી વાત લોકોને જણાવવી છે. આથી કોંગ્રેસ પાર્ટી ભારત જોડો યાત્રા શરૂ કરી રહી છે.

જયારે રાહુલ ગાંધી પહેલા કોંગ્રેસ જનરલ સેક્રેટરી કે સી વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસ સતત વધી રહેલી મોંઘવારીની વિરુદ્ધ આંદોલન કરી રહી છે અને તેની જ આગળની કડીમાં તે આજે વિશાળ રેલીનું આયોજન કરી રહી છે. જેમાં પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓની સાથે દિલ્હી તથા આસપાસના રાજ્યોના લોકો મોટી સંખ્યામાં જોડાશે. તેમણે સામાન્ય લોકોને રાહત આપવા માટે મોંઘવારી રોકવા માટે તત્કાલિક પગલા લેવાની માંગ કરી છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે આજે હલ્લા બોલ રેલ જે થઈ રહી છે, તેને રાજયોની ચૂંટણીઓ કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ સાથે કોઈ લેવાદેવા નથી. આ માત્ર અસંવેદનશીલ સરકાર માટે અમારો સંદેશ છે કે લોકો મોંઘવારી અને બેરોજગારીથી હેરાન છે.આ રેલીનો છત્તીસગઢના મુખ્યમંત્રી અને રાજસ્થાનના મુખ્યમંત્રીએ પણ સંબોધી હતી

## સપા સાથે હવે કયારેય ગઠબધન કરવામાં આવશે નહીં : શિવપાલ યાદવની જાહેરાત

લખનૌ, ઉતરપ્રદેશમાં પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી લોહિયા(પીએસપી એલ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ શિવપાલ યાદવે જાહેરાત કરી છે કે તેમની પાર્ટી સમાજવાદી પાર્ટી સાથે કયારેય ગઠબંધન કરશે નહીં ભાજપ અને પ્રસપાના વલણ પર શિવપાલે કહ્યું કે પાર્ટીના નેતાઓએ હજુ આ મુદ્દા પર નિર્ણય લીધો નથી જયારે બાકી પાર્ટીઓથી ગઠબંધન માટે રસ્તા ખુલ્લા છે.

શિવપાલે કહ્યું કે તેમણે મોટાભાઈ મુલાયમસિંહ યાદવની સાથે શરૂ થી જ સપાને સ્થાપિત કરવા માટે કલાકો મહેનત કરી છે હવે આજ અનુભવનો ઉપયોગ પીએસપી એલને મજબુત કરવામાં કરશે તેમણે કહ્યું કે આગામી નગર નિગમની ચુંટણીમાં નગર નિગમ,નગર પાલિકા પરિષદ અને નગર પંચાયતની તમામ બેઠકો પર પાર્ટીનો દરેક કાર્યકર્તા ચુંટણી મેદાનમાં ઉતરશે તેમની માહિતી જીલા અધ્યક્ષોને પાર્ટી સ્તર પર આપવામાં આવી છે આ દરમિયાન શિવપાલ યાદવે મોંઘવારીને લઈને પણ પોતાની વાત રાખી હતી.તેમણે કહ્યું કે પ્રદેશમાં ભ્રષ્ટ્રાચાર અને મોંઘવારી પોતાના ચરમ પર છે.

યુપી ૨૦૨૨ વિધાનસભા ચુંટણીને લઈ સપાની સાથે આવવા પર શિવપાલે તેને ખુબ મોટી ભુલ બતાવી તેમણે કહ્યું કે આખરે અમે અનુભવ્યું કે આ એક મોટી ભુલ હતી અમારે અમારી પાર્ટી માટે એક બેઠકના સપાના પ્રસ્તાવ પર સહમત થવું જોઈતુ ન હતી અમે ૧૦૦ બેઠકો માટે કહ્યું હતું પરંતુ અમારી માંગને બિલકુલ ઠુકરાવી દેવામાં આવી હતી.

શિવપાલે સ્પષ્ટ કર્યું કે ૨૦૨૨ની ચુંટણીમાં ચુંટણી પંચ તરફથી પીએસપી એલને ચુંટણી ચિન્હની ફાળવણી કરવામાં વિલંબ પણ એક કારણ હતું જે સપાની સાથે જવાના તેમના નિર્ણય પર ભારે પડયો તેમની પાસે મતદારોની પાસે જવા અને તેમને પોતાના ચુંટણી પ્રતિકથી ઓળખ કરાવવા માટે યોગ્ય સમય બચ્યો ન હતો.

આવનારા દિવસોમાં ભાજપનો સાથ આપવાની સંભાવનાઓ બાબતે પુછવા પર પ્રસપા પ્રમુખે કહ્યું કે પાર્ટી નેતાોએ હજુ સુધી આ મામલા પર ચર્ચા કરી નથી તેમણે કહ્યું કે જયારથી હું રાજનિતિમાં આવ્યો છું ત્યારથી સમાજવાદી વિચારધારાથી પ્રભાવિત રહ્યો છું પાર્ટીને મજબુત કરવાની પોતાની યોજનાઓની બાબતમાં વાત કરતા શિવપાલે કહ્યું કે ગત ૧૫ દિવસની અંદર પાર્ટીએ આદિત્ય યાદવને પ્રદેશ અધ્યક્ષ નિયુકત કર્યા નજીકના ભવિષ્યમાં રાજય અને જીલા કારોબારી સમિતિઓની રચના કરવામાં આવશે

સત્તારૂઢ ભાજપ પર નિશાન સાધતા શિવપાલે કહ્યુ કે સરકાર લોકોની આશાઓ ઉપર ખરી ઉતરી નથી તેમણે કહ્યુ કે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે.ગ્રામીણ વિસ્તારોમાં વિજળીની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે ગામોના લોકોને દરરોજ આઠ કલાક વિજળી પણ મળી રહી નથી તેમણે કહ્યુ કે કિસાન સૌથી વધુ પ્રભાવિત છે અને સરકાર તેમની કોઈ પણ રીતની મદદ કરવામાં પુરી રીતે નિષ્ફળ ગઈ છે.

## ભાજપ રાજસ્થાનમા મુખ્યમત્રીના ચહેરા વિના જ ચુંટણી મેદાનમાં ઉતરવાના પક્ષમાં

જયપુર, કેન્દ્રીય નેતૃત્વથી ન તો માન્યતા અને ન તો રાજયના નેતાઓથી પ્રશંસાની સાથે વરિષ્ઠ ભાજપ નેતા અને રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે રાજય ભાજપમાં પોતાનું પ્રભુત્વ બનાવી રાખવા અને ૨૦૨૩માં યોજાનાર વિધાનસભા ચુંટણી માટે પાર્ટી તરફથી મુખ્યમંત્રી પદના ઉમેદવારના રૂપમાં ઉભરવા માટે એક હતાશ લડાઈ લડી રહ્યાં છે.

પોતાના તરફથી ભાજપનું નેતૃત્વ સાવધાનીથી ચાલી રહી છે પાર્ટી એ વાત પર ભાર મુકી રહી છે કે એક વિશિષ્ટ વ્યક્તિ પર ધ્યાન કેન્દ્રીત કરવાની જગ્યાએ તે આ ઉચ્ચ દાવવાળી ચુંટણીઓ પહેલા સંગઠનને મજબુત કરવા લાગી જાય.

આગામી છ મહીનામાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અરૂણ સિંહ જે રાજસ્થાનના પ્રભારી છે કાર્યકર્તાઓનું મનોબળ વધારવા માટે રાજયના તમામ ૩૩ જીલ્લાનો પ્રવાસ કરશે આ અઠવાડીયાના અંતમાં તેઓ ચુંટણી માટે પાર્ટીની બુથ સ્તરીય તૈયારીઓની દેખરેખ માટે ઝુંઝુનુ સીકર અને જયપુરનો પ્રવાસ કરશે સિંહ ત્યારબાદ કર્ણાટકની એક ટુંકી મુલાકાત કરી ત્યારબાદ તેઓ ફરી રાજસ્થાનમાં પાર્ટીના ઓબીસી મોરચાની રાષ્ટ્રીય કારોબારીની બેઠક માટે પાછા આવશે જેમાં ગૃહમંત્રી અમિત શાહ અને પાર્ટી પ્રમુખ જે પી નડ્ડા પણ સામેલ થશે

સુત્રોનું કહેવુ છે કે રાજે જેમણે ૨૦૧૮ની વિધાનસભા ચુંટણી પહેલા કેન્દ્રીય નેતૃત્વને મુખ્યમંત્રીના ઉમેદવાર બનાવવા માટે મજબુર કર્યા હતાં તે ચુપચાપ બેસી અને રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા ખેંચવામાં આવેલ રેખા પર ચાલનાર નથી જેની સાથે તેમનો સંબંધ સારો નથી અને પાર્ટી સ્પષ્ટ રીતે તેમની કાર્યશૈલીના પક્ષમાં પણ નથી ગત અઠવાડીયે રાજસ્થાનના કેટલાક ભાગોમાં કહો દિલ સે,વસુંધરા ફિર સે,ના સુત્રોવાળા પોસ્ટર પણ લગાવવામાં આવ્યા હતાં.

રાજસ્થાનના ઘટનાક્રમથી પરિચિત પાર્ટીના એક નેતાએ કહ્યું કે રાજે એક ફાઈટર છે તે હાર માનશે નહીં તેમને કોઈ ફર્ક પડતો નથી કે કોણ તેમનું સમર્થન કરે છે પાર્ટીના આંતરિક સુત્રોનું કહેવુ છે કે ભાજપના નેતૃત્વને રાજયમાં રાજેના કામ કરવાની પધ્ધતિની બાબતમાં ખુબ વધુ આશંકાઓ છે અને તેમણે તેમની વિરૂધ્ધ રાજય નેતૃત્વની ફરિયાદોને ધ્યાનમાં રાખી છે. કેન્દ્ર અને રાજય બંન્નેના નેતા એ વાત પર ભાર મુકી રહ્યાં છે કે ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૨૩ની વિધાનસભા ચુંટણી લડશે

## તિરૂપતિ મંદિરને રૂ.૫૦ લાખ દંડનો આદેશ,ભક્તે તિરૂપતિ મંદિર સામે કન્ઝ્યુમર કોર્ટમા કેસ કર્યો હતો

ચેન્નાઈ, તમિલનાડુનાં સલેમ સ્થિત કન્ઝ્યુમર કોર્ટે એક ભક્તને ૧૪ વર્ષની રાહ જોવડાવવા માટે તિરૂમલા તિરૂપતિ દેવસ્થાનમને ૫૦ લાખ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ આપ્યો છે.

કોર્ટનાં આદેશ અનુસાર, ભક્તને વસ્ત્રલંકારા માટે સેવા માટે નવી તારીખ મળે અથવા એક વર્ષમા ૫૦ લાખ રૂપિયાનો દંડ દેવામાં આવે. આ પહેલો એવો કેસ છે જ્યારે કોઈ ભક્તે ટીટીડી સામે કન્ઝ્યુમર કોર્ટમા કેસ દાખલ કર્યો હોય.

કોવિડ મહામારીને કારણે માર્ચ ૨૦૨૦મા ૮૦ દિવસ માટે મંદિર બંધ કરી દેવામાં આવ્યું હતું. આ કારણે મંદિરમા થતાં વસ્ત્રલંકારાય સહિત બધી જ સેવાઓ રોકવામાં આવી હતી. ત્યારે ટીટીડીએ ભક્ત કેઆર હરિ ભાસ્કરને ઓફિશિયલ વક્તવ્ય આપતા પૂછ્યું હતું કે તેઓ વિઆઈપી બ્રેક દર્શન માટે કોઈ નવો સ્લોટ ઈચ્છે છે કે પછી રિફંડ? પણ ભાસ્કરે કોઈપણ તારીખ વસ્ત્રલંકારા માટે આપવાનું કહ્યું હતું.

ટીટીડી પ્રશાસને સ્પષ્ટ કર્યું હતું કે વસ્ત્રલંકારા સેવાને રીશેડ્યૂલ કરવી સંભવ નથી અને તેમણે રિફંડ લેવા માટે કહેવામાં આવ્યું હતું. ભાસ્કરે ત્યાર બાદ જિલ્લા ઉપભોક્તા વિવાદ નિવારણ આયોગમાં ટીટીડી સામે ફરિયાદ દાખલ કરાવી હતી. કન્ઝ્યુમરે ટીટીડીને વસ્ત્રલંકારા સેવા માટે એક વર્ષનિ અંદર સ્લોટ આપવા અથવા ૫૦ લાખ રૂપિયા આપવવા કહ્યું છે.

કોર્ટે મંદિરને ભાસ્કરને ૨૦૦૬થી આજની તારીખ સુધી ૧૨,૨૫૦ રૂપિયાની બુકિંગ કિંમત ૨૪ ટકા પ્રતિ વર્ષ વ્યાજ સાથે આપવાનો આદેશ આપ્યો છે. આ પહેલો એવો મામલો છે કે જ્યારે કોઈ ભક્તે ટીટીડીની સેવામા ખોટ સામે કન્ઝ્યુમર કોર્ટમા ફરિયાદ દાખલ કરી હોય. લગભગ નવ દશકાઓ પહેલાઆ ટીટીડીની શરૂઆત થઈ હતી.

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને કારણે ૪૫ શાળાઓમાં રજા જાહેર

અંબાજી, યાત્રાધામ અંબાજી હવે ભાદરવી પૂનમનો મેળો શરૂ થશે. ત્યારે ભાદરવી પૂનમના મહામેળાને લઈ અંબાજી સહિત દાંતા તાલુકાની ૪૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં મિની વેકેશન જાહેર કરાયું છે. અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા હજારોની સંખ્યામાં આવતા સુરક્ષા કર્મીઓ તૈનાત કરાયા છે. આ સુરક્ષા કર્મીઓને રહેવા માટેની સુવિધાઓ પુરી પાડવા આ શાળાઓનો ઉપયોગ કરાતો હોવાથી આ શાળાઓમાં આજથી રજા પાડી દેવામાં આવી છે. તમામ શાળાઓમાં આજથી ૧૦ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે.યાત્રાધામ અંબાજીમાં શરૂ થતા ભાદરવી પૂનમના મહામેળાને લઈ અંબાજી સહિત દાંતા તાલુકાની ૪૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં મિની વેકેશન જાહેર કરાયું છે. અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળામાં સુરક્ષા સૌથી પહેલા જરૂરી છે. જે માટે મોટી સંખ્યામાં સુરક્ષા કર્મીઓ ગોઠવવામા આવે છે. આ સુરક્ષા કર્મીઓને રહેવા માટે શૈક્ષણિક સંસ્થાઓનો ઉપયોગ કરાતો હોય છે. તેથી ભાદરવી પૂનમનો મેળો જ્યા સુધી ચાલે છે ત્યાં સુધી આ શાળાઓમાં રજા જાહેર કરી દેવાય છે. વિદ્યાર્થીઓ માટે આ એક મિની વેકેશન જેવું બની જાય છે.

### જાહેર નોટીસ

**Expression of Interest**

આથી જણાવવામાં આવે છે કે, તાલુકા પંચાયત કચેરી, ગોધરા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) દ્વારા ચલાવવામાં આવતા ગ્રામ વિકાસ વિભાગના સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ–૨ અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપન (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન (લિકવીડ વેસ્ટ મેનેજમેન્ટ)ના અગત્યના કંમ્પોનન્ટ અંગેની અગત્યની પ્રવૃતિઓ માટે રસ ધરાવતી એજન્સી/ગ્રામ પંચાયત / એન.જી.ઓ./ સરકાર માન્ય કોન્ટ્રાકટર / સહકારી મંડળીઓ /કંમ્પની (સી.એસ.આર.માધ્યમ) / સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જો તેઓ આ પ્રવૃતિ કરવામાં રસ ધરાવતા હોય તો Expression of Interest વ્યકત કરવા અને તેઓ કઈ રીતે અને કઈ શરતોએ આ પ્રવૃતિ કરવામાં રસ ધરાવે છે. તેની વિગતો રજુ કરવા તાલુકા પંચાયત કચેરી ૧૧:૦૦ કલાકે ખાતે તા.૧૪/૦૯/૨૦૨૨ના રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

કરવાની પ્રવૃતિ :–

(૧) ઘન કચરા વ્યવસ્થાપન (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)

૧.૧ શેગ્રીગેશન શેડનું બાંધકામ, ડોર ટુ ડોર કચરા કલેકશન પરિવહન, સેગ્રીગેશન અને યોગ્ય નિકાલ.

(૨) પ્રવાહી કચરા વ્યવસ્થાપન (લિકવીડ વેસ્ટ મેનેજમેન્ટ)

૨. ૧. વ્યક્તિગત શોકપીટ તથા સામૂહિક શોકપીટ, ગંદા પાણીના નિકાલના સામૂહિક આઉટલેટના સ્થળે શોકપીટ.

૨.૨. ગ્રે – વોટર સ્ટેટમેન્ટ યુનિટનું બાંધકામ / સંચાલન. (વેડંચા મોડલ પ્રોજેકટ – પાલનપુર મુજબની કામગીરી)

(૩) પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ.

૩.૧. સમયાંતરે પ્લાસ્ટીક કચરાનું એકત્રીકરણ અને તેનો યોગ્ય નિકાલ.

* રસ ધરાવતી એજન્સી/ ગ્રામ પંચાયત / એન.જી.ઓ./ સરકાર માન્ય કોન્ટ્રાકટર/ સહકારી મંડળીઓ/કંમ્પની(સી.એસ.આર.માધ્યમ) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પોતે કઈ રીતે, કયા દરે અને કઈ શરતોએ કામ કરવા સંમત છે. તે અંગે પોતાનું પ્રેઝન્ટેશન / વ્યકત્વય અને દરખાસ્ત રજુ કરવાના રહેશે.

* માત્ર Expression of Interest વ્યકત કરવાથી કોઈ વ્યકિત / એજન્સી કામ મેળવવા હકદાર થશે નહી, આ અંગેનો આખરી નિર્ણય અત્રેથી કરવામાં આવશે.

તાલુકા વિકાસ અધિકારી,
તાલુકા પંચાયત, ગોધરા

### ગુજરાતમાં ડ્રગ્સના તાર અફઘાનિસ્તાન સાથે જોડાયા

## ગુજરાત એટીએસ દ્વારા દિલ્હીથી અફઘાની ઈસમની રૂપિયા ૨૦ કરોડના ડ્રગ્સ સાથે ધરપકડ

### તાલિબાનમાં સત્તા પલટ થતા જ ડ્રગ્સનો વેપાર વધ્યો હોય તેવું લાગે છે

નવીદિલ્હી, ડ્રગ્સ મામલે ગુજરાત એટીએસે વધુ એક ઓપરેશન પાર પાડ્યું છે. ગુજરાત એટીએસ દ્વારા બાતમીના આધારે દિલ્હીથી અફઘાની ઈસમની રૂપિયા ૨૦ કરોડના ડ્રગ્સ સાથે ધરપકડ કરાઈ છે. ગુજરાત એટીએસને સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આપવામાં આવેલ બાતમીના આધારે વાદિઉલ્લા રહિમુલ્લા નામના અફઘાની ઈસમની ૪ કિલો હેરોઈન સાથે દિલ્હીના વસંતકુંજ વિસ્તારથી ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા ડ્રગ્સના કિસ્સામાં વધુ એક સફળતા મેળવી ગુજરાત બહારથી પણ ડ્રગ્સના કારોબારીઓને ઝડપી પાડયા છે અને ૨૦ કરોડથી વધુ રકમનો માલ પણ જપ્ત કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા શનિવારે ૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હી પોલીસે બે કરોડનું હેરોઈન જપ્ત કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે દિલ્હીના ટ્રાન્સ યમુનાના રહેવાસી બે ડ્રગ્સ તસ્કરોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી ઉચ્ચ ગુણવત્તાવાળું ૧.૩ કિલો હેરોઈન પણ જપ્ત કરાયું છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ગુજરાતમાં પકડાયેલ ડ્રગ્સના આંકડા ડ્રગ્સ માફિયાઓના નેટવર્કનો ઘટસ્ફોટ કરે છે. જેમાં અમદાવાદ ડ્રગ્સનું હબ બન્યું છે. અત્યાર સુધીમાં ચાલુ વર્ષમાં ૧૦૦ થી વધુ ડ્રગ્સ પેડલરો અમદાવાદ માંથી ઝડપાયા છે. ગુજરાતનું અમદાવાદ શહેર ડ્રગ્સના નેટવર્કનું હબ બની ગયું છે. ડ્રગ્સ માફિયાઓ પર અલગ અલગ એજન્સીઓ તવાઈ બોલાવીને ડ્રગ્સ પેડલરો અને ડ્રગ્સ ડીલર પકડી રેકોર્ડ બ્રેક ગુના નોંધ્યા છે. જોકે વર્ષ ૨૦૨૨માં ચાલુ વર્ષે કરેલા દ્રઢ્ઢજીના કેસોના ચોકવાનારા આંકડાઓ સામે આવ્યા છે. જેમાંથી સ્દ્ઠ ડ્રગ્સનો જથ્થો સૌથી વધુ ઝડપી લેવામાં આવ્યો છે. સાથે જ યુવાવર્ગમાં ચરસ, ગાંજો, કફ શિરપ અને એમ.ડી ડ્રગ્સ લેવાનું પ્રમાણ વધતા હવે આ બધા જ ડ્રગ્સની હેરાફેરી વધી રહી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ચાલુ વર્ષે ૨૪ કેસ નોંધી ૭૪ જેટલા આરોપી ધરપકડ કરી છે. જેમાં ડ્રગ્સ પેડલરો અને મદદગારી કરનારની ધરપકડ કરી છે. ત્યારે ક્રાઈમ એસ.ઓ.જી ટીમે પણ ૧૫ કેસ કરી ૩૫ જેટલા પેડલરો અને ડ્રગ્સ ડીલરની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા છે. થોડા દિવસ પહેલા જ ક્રાઈમ એસ.ઓ.જી ટીમ ડ્રગ્સ ડીલર અમીનાબાનું પકડી ડ્રગ્સ હેરાફેરીના મોટા નેટવર્ક પર્દાફાશ કર્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં મતદારયાદી સુધારણાઅંતર્ગત રોલ ઓબઝર્વરના અદ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

લુણાવાડા, ભારતના ચૂંટણી પંચ દ્વારા 'મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨' અંતર્ગત મહીસાગર જિલ્લા રોલ ઓબઝર્વર બી.આર.દવેના અદ્યક્ષ સ્થાને અને ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમારની ઉપસ્થિતિમાં જિલ્લા સેવાસદન, લુણાવાડા-મહીસાગર ખાતે બેઠક યોજાય હતી. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨' મુજબ જે નાગરિક તા.૦૧/૧૦/૨૦૨૨ ની લાયકાતની તારીખના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર પૂર્ણ કરતાં હોય તેવાં નાગરિકો માટે તા.૧૧/૦૯/૨૦૨૨ સુધી મતદારયાદી સુધારણાની ઝુંબેશ ચાલી રહી છે. આ બેઠકમાં રોલ ઓબઝર્વર બી.આર.દવેએ જિલ્લાના આર.ઓ. એઆરઓ સહિત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સાથે સંકળાયેલા અધિકારીઓને જણાવ્યું હતું કે, કોલેજોમાં અલગથી ડ્રાઇવ યોજી મતદારોની નોધણી કરાવવી. સાથે જે દિકરો લગ્ન બાદ મતદાર તરીકે નોંધણી કરવવાની માન્યતા રાખતી હોય તેઓને જાગૃત કરી મતદાર તરીકે નોંધ કરવવા અપીલ કરી હતી.

મતદારો મતદારયાદીમાં નામ નોંધણી કરાવવાં, નામ રદ્દ કરવાં, કોઈ નામની સામે વાંધો લેવાં, નામ કે અન્ય વિગતો સુધારવા માટે સંબંધિત નિયત નમુનાના ફોર્મ ભરી જરૂરી આધાર-પૂરાવાઓ સાથે તેમના રહેઠાણ વિસ્તારના બુથ લેવલ ઓફિસરોને હક્કદાવાઓ રજૂ કરી શકાશે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે રાજકિય પક્ષો સાથે પણ મતદાર જાગૃતિ અંગે બેઠક યોજી હતી. રોલ ઓબઝર્વર બી.આર.દવેએ મતદાર નોંધણી બુથોની મુલાકાત લીધી હતી.

યુવા નાગરિકો મતદારયાદીમાં નામ દાખલ કરાવવા ફોર્મ નં. ૬, મૃત્યુ સ્થળાંતરના કિસ્સામાં નામ કમી કરવા ફોર્મ નં. ૭, ફોર્મ નં.૮ ભરવાથી નામમાં સુધારો, ડુપ્લીકેટ ચૂંટણી કાર્ડ, સરનામુ સુધારવું, ફોટોમાં સુધારો કરી શકાય છે. આ અંગે જરૂરી આધાર પુરાવા સાથે સબંધિત મતદાન મથકે નામ નોંધણી અને સુધારા કરાવવાની તક છે. તા.૧૦/૧૦/૨૦૨૨(સોમવાર)ના રોજ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ થશે. મતદાર યાદીમાં નામ ચકાસવાં માટે તેમજ નામ દાખલ, કમી કરવાં અને સુધારાની અરજી www.voterportal.eci.gov.in અથવા www.nvsp.in A'hp Voter Helpline મોબાઈલ એપ અથવા www.ceo.gujarat.gov.in ઉપર પણ ઓનલાઈન અરજી કરી શકાશે. વિશેષ જાણકારી માટે હેલ્પલાઈન નં.૧૯૫૦ પર સંપર્ક કરવાનો રહેશે.

આ કાર્યક્રમનો મહત્તમ લાભ લેવાં અને ખાસ કરીને ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવાં યુવા મતદારો માટે મતદારયાદીમાં નોંધણી કરાવવાની સુવર્ણ તક હોવાથી વધુમાં વધુ નાગરિકો ઘરઆંગણે આ ખાસ ઝુંબેશનો લાભ લેવા મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને મહીસાગર જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર દ્વારા વિશેષ અનુરોધ કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં નાયબ ચુંટણી અધિકારી કે.કે.શાહ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, લુણાવાડા પ્રાંત અધિકારી સચીનકુમાર, લુણાવાડાપ્રાંત અધિકારી કૌશિક જાદવ, પ્રાંત અધિકારી બાલાસિનોર, મામલતદારઓ સહિત તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન પુનઃ સ્થાપન સંયુકત મોરચાએ કલેકટરને આવેદન પાઠવ્યું.



નવી પેન્શન યોજનાના સ્થાને જુની પેન્શન યોજના લાગું કરવા કર્મચારીઓએ માંગ કરી.
કર્મચારીઓ સંઘ કાર્યાલયથી સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી કલેકટર કચેરી લુણાવાડા પહોંચ્યા.

રાષ્ટ્રીય ઓલ્ડ પેન્શન પુનઃ સ્થાપન સંયુકત મોરચો મહીસાગર દ્વારા રેલી યોજવામાં આવી.જે લુણાવાડાના મુખ્ય માર્ગ પર થઈ કલેકટર કચેરીમાં અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં જુની પેન્શન યોજના ફરી શરૂ કરવા,સાતમા પગાર પંચના લાભો આપવા, ગ્રેડ પે સહિતનાં પશ્નો બાબતે તાત્કાલિક નિકાલ લાવવા માંગ કરી હતી.

મહીસાગર જિલ્લા રાષ્ટ્રીય સંયુકત મોરચાના અદયક્ષ હસમુખભાઈ પટેલ તથા માદ્યમિક શૈક્ષિક મહાસંઘના અદયક્ષ દિનેશભાઈ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના મહામંત્રી વી.કે.સંગાડા, સંગઠન મંત્રી પ્રદીપ પટેલ, લક્ષ્મણભાઈ પટેલિયા, પ્રભાતસિંહ પરમાર, નવનીતભાઈ પંચાલ સહિતની આગેવાનીમાં રેલીનું સફળ આયોજન થયું હતું.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રેરિત સંયુકત મોરચાની મહીસાગર જિલ્લાની મહારેલીમાં ૧૫૦૦ જેટલાં શિક્ષકો,કર્મચારીઓ જોડાઈ રેલીને સફળ બનાવી હતી. સંયુક્ત મોરચો મહીસાગરના સંયોજક હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર દ્વારા અમારી માંગો સત્વરે નહીં સ્વીકારાય તો અમારા આગામી કાર્યક્રમો યથાવત રહેશે.

# સંતરામપુર નગરમાં અર્બન બેંકની ડિરેક્ટરની ચૂંટણી શાંતિપૂર્વક માહોલમાં યોજાઈ





સંતરામપુર, સંતરામપુર નગરમાં અર્બન બેંકની ડિરેક્ટરની ચૂંટણી યોજવામાં આવી. જેમાં સંતરામપુર અને માલવણ ખાતે બંને જગ્યા ચૂંટણી યોજવામાં આવેલી હતી મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ખેડૂત એસ.સી સામાન્ય અને સ્ત્રી તમામ બેઠકો પર ૧૯ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. પોત પોતાના ઉમેદવારોની ગીતાડવા માટે મતદાન મથકની બહાર ટોળાને ટોળા જોવા મળ્યા હતા અને પોતાના ઉમેદવારને મત આપવા માટે અને જીતાડવા માટેનો સતત પ્રયાસો ચાલી રહ્યા હતા. મતદાન મથકની બહાર ટાવર રોડ પાસે મેનેજરની ચૂંટણી દરમિયાન વિધાનસભ્યો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોનો મેવાડો જામ્યો હતો. તારીખ ૬ અને મંગળવારના રોજ ૧૯ ઉમેદવારનું મત ગણતરીના દિવસે ભાવિ નક્કી કરવામાં આવશે સંતરામપુર મતદાન મથક પર પોલીસ સગન ચુસ્ત બંદોબસ્ત અને સિક્યુરિટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવેલી હતી અર્બન બેંક અને સ્ટાફ ચૂંટણીમાં મુકાયેલા તમામ કર્મચારીઓએ મતદાન મથકે પોતાની ફરજ નિભાવી હતી.

# સંતરામપુર પ્રાંત કચેરી ખાતે ઐતિહાસિક રવાડીના મેળાની હરાજી કરાઈ ૨૧ લાખ ૮૧ હજારમાં મેળાની હરાજી કરાઈ



સંતરામપુર નગરમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ તહેવાર શરૂ થતાં જ નગરપાલિકા દ્વારા રવાડીના મેળા નું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં પ્રવાહીનો મેળો પ્રાંત અદ્યક્ષ રાખવામાં આવેલો હતો. હરાજીમાં પ્રાંત અધિકારી નગરપાલિકાના ચીફ ઓફિસર તાલુકા વિકાસ અધિકારી મામલતદાર અને વેપારીઓ હાજર રહ્યા હતા.

# ગરબાડાના અભલોડ ગામે કુવામાં પડેલ બાળકને બચાવવા એસ.ઓ.જી. પોલીસે કુવામાં કુદ બચાવ્યો



દાહોદ, દાહોદ પોલીસની માનવતા આવી સામે કૂવામાં પડેલા નાના બાળકને બચાવવા એસ.ઓ.જી. પોલીસ જવાને કૂદકો મારી પાણી ભરેલા કુવામાંથી બાળકને સહી સલામત બહાર કાઢ્યો હતો.

ખાખીની માનવતા : દાહોદ નજીક આવેલા ગરબાડા તાલુકાના અભલોડ ગામે કૂવામાં પડેલા બાળકનો જીવ બચાવ્યો એસ.ઓ.જી. પોલીસના જવાને દાહોદ તાલુકાના ગામના કુવામાં પડી ગયેલા એક નાના બાળકને દાહોદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તેવા સમયે રોડની બાજુમાં બાજુના કુવા ઉપર લોકો ભેગા થતા ત્યાં એસઓજી પોલીસના જવાનોએ કૂવામાં છલાંગ લગાવી પોતાની જાનની ચિંતા કર્યા વગર તે બાળકની જિંદગી બચાવી હતી અને તેને સહી સલામત રીતે પાણી ભરેલા કુવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. જે ખરેખર પોલીસની માનવતાને લોકોએ બિરદાવી હતી. ગરબાડા તાલુકાના અભલોડ ગામે કુવામાં પડેલ બાળકને એસ.ઓ.જી. પોલીસ જવાને કૂવામાં છલાંગ મારી જીવ બચાવ્યો હતો.

## ગરબાડાના વિશ્વકર્મા મંદિરે શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ આયોજન કરવામાં આવ્યું

ગરબાડા, ગરબાડાના વિશ્વકર્મા મંદિરે સં ૨૦૭૮ ભાદરવા સુદ ૭ શનિવાર તા. ૩ થી ભાદરવા સુદ પુનમ શનિવાર તારીખ ૧૦ સુધી વક્તા મદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કથાનું રસપાન શાસ્ત્રી ઋષીકુમારજી જોષી કરાવશે. કથાનો સમય : બપોરે ૨ કલાક થી સાંજ ના ૬ કલાક સુધી રાખવામાં આવ્યો છે. આજે તા. ૩ શનિવાર ના રોજ બપોરેના ૧.૧૫ કલાકે વિજયકુમાર શંકરલાલ પંચાલના ઘરે થી પોથીયાત્રા કાઢવામાં આવી હતી. જે પોથીયાત્રા વિશ્વકર્મા મંદિર ગરબાડા મુકામે ( કથા સ્થળે ) પ્રસ્થાન કર્યું હતું. કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ રૂકમણી વિવાહ તુલસી વિવાહ જેવા વિવિધ કાર્યક્રમો પણ થશે. કથાનું રસપાન કરવા આયોજકો દ્વારા જાહેર આમંત્રણ અને અપીલ કરાઈ.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) નવા રોકાણોમાં લાભની સંભાવના પ્રેમ સંબંધોમાં અનુકૂળતા જણાય આર્થિક બાબતે સંભાળીને કામ કરવું લેવડ-દેવડમાં છેતરાવાથી સાચવવું

વૃષભ (બ.વ.ઉ.) ધનલાભની ઉત્તમ સંભાવના સંતાનો બાબતે સાધારણ પરેશાની જણાશે અધિકારી વર્ગના આશીર્વાદ મળશે ખર્ચાઓ ઉપર કાબૂ રાખવો

મિથુન (ક.છ.ઘ.) પ્રોપર્ટીમાં કરેલ રોકાણ લાભ કરાવશે પારિવારિક જીવન આનંદમય રહેશે ખોટા માણસો સાથે સમય વેડફવો નહીં અનુભવી પાસેથી શીખેલું કામ લાગશે

કર્ક (ડ.હ.) સ્વતંત્ર જીવનમાં શાંતિ અનુભવશો પરિવારના સભ્યોથી પરેશાની જણાશે લાઈફ પાર્ટનર સાથે વિવાદની સંભાવના આર્થિક સંકડામણનો અનુભવ થશે

સિંહ (મ.ટ.) ઘરેલું જીવનમાં શાંતિ જણાશે કરેલા રોકાણો લાભદાયી નીવડશે કામકાજ માટે યાત્રા થવાની સંભાવના ધંધામાં ધનલાભ અને પ્રગતિ જણાશે

કન્યા (પ.ઠ.ણ.) સુખ સુવિધાના સાધનોમાં ખર્ચ થવાની સંભાવના,જીવનસાથીના પ્રકોપથી બચવું જરૂરી બનશે ધર્મ આધ્યાત્મિકતામાં રૂચી વધશે નોકરીયાતને સારો સહયોગ મળશે

તુલા (ર.ત.) શેર સટ્ટામાં ધનહાનિની સંભાવના પારિવારીક બાબતોમાં શાંતિ જણાશે નોકરીયાતને ઉપરી વર્ગથી પરેશાની રહેશે વિદ્યાર્થીઓ માટે સારો સમય છે

વૃશ્ચિક (ન.ય.) રાજકીય મહત્વકાંક્ષા પૂરી થશે કૌટુંબિક બાબતના પ્રશ્નો હળવા બનશે ધંધામાં કરેલા આયોજનો સફળ થશે વાહન ચલાવવામાં સાવધાની રાખવી

ધન (ભ.ધ.ફ.ઢ.) આર્થિક બાબતે મજબૂત બનશો વ્યવસાયિક-પારિવારીક સમસ્યા રહેશે માન-સન્માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે આવક-જાવક સમાંતરે જળવાઈ રહેશે

મકર (ખ.જ.) પારિવારીક પ્રસંગોમાં ઉત્સાહ જળવાઈ રહેશે તબિયત બાબતે કાળજી રાખવી મનપસંદ વસ્તુની પ્રાપ્તિ થશે નજીકના સુખનું જ ધ્યાન કરો

કુંભ (ગ.સ.ષ.શ.) વ્યવસાય ક્ષેત્રમાં તકલીફ જણાશે વાણી ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે રોજગાર ક્ષેત્રમાં પ્રગતિ થશે નવા સંબંધોમાં વૃદ્ધિ થશે

મીન (દ.ચ.ઝ.થ.) જીવનસાથી અને ભાગીદારોનો પૂર્ણ સહયોગ મળશે પારિવારિક વૈચારિક મતભેદ રહેશે ધન,પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે નવા કામકાજ માટે ઉત્તમ દિવસ છે

# આતંકીઓ પ્રત્યે નરમાઈનાં ઘાતક પરિણામ

પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ઘૂસણખોરી કોઈ નવી વાત નથી. એ પણ નવી વાત નથી કે હંમશાં એવા આતંકીઓ માર્યા જાય છે કે પછી પકડાઈ જાય છે. એક એવો જ આતંકી તબરીક હુસૈન ૨૧ ઓગસ્ટે કાશ્મીરના નૌશેરાના ઝંગડ ક્ષેત્રમાંથી પકડાયો. તે પોતાના સાથીઓ સાથે સીમા પર લાગેલા તાર કાપી રહ્યો હતો, ત્યારે જ ભારતીય સૈનિકોની એના પર નજર પડી. તેમણે ચેતવણી આપી તો તબરીક સાથે ઘૂસણખોરી કરવા આવેલા આતંકીઓ ભાગવા લાગ્યા. એટલે આપણા સૈનિકોએ ગોળીઓ ચલાવી, જેનાથી તબરીક ઘાયલ થઈ ગયો અને તેના બાકી સાથી ભાગી ગયા. તેને ખભા અને જાંઘ પર ગોળી વાગી હતી અને તેનું ઘણું લોહી પણ વહી ગયું હતું. તેને હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યો, જ્યાં આપણી સેનાના જવાનોએ તેને ત્રણ બોટલ લોહી આપ્યું. તેનું બ્લડ ગ્રુપ ઓ નેગેટિવ હતું, જે દુર્લભ માનવામાં આવે છે. તેની સર્જરી થઈ અને તે હવે ખતરાથી બહાર છે.

તબરીક હુસેને જણાવ્યું કે તેને કાશ્મીરમાં આત્મઘાતી હુમલા માટે મોકલવામાં આવ્યો હતો અને તેના માટે પાકિસ્તાની સેનાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના એક કર્નલ યુસુફે ૩૦ હજાર રૂપિયા આપ્યા હતા. હોસ્પિટલની બહાર આવતાં તબરીક હુસેન સાથે શું કરવામાં આવશે, તેની ખબર નથી. જે ખબર છે તે એટલું જ કે તબરીક હુસેને પોતાના ભાઈ હારુન અલી સાથે એપ્રિલ ૨૦૧૬માં પણ ઘૂસણખોરી કરી હતી. ત્યારે પણ તે પકડાઈ ગયો હતો, પરંતુ નવેમ્બર ૨૦૧૭માં તેને માનવીય આધાર પર છોડી મૂકીને પાકિસ્તાનને સોંપી દેવામાં આવ્યો હતો. કોઈ નથી જાણતું કે આ વખતે પણ એવું થશે કે નહીં, પરંતુ તેના વિશે ભારતીય સેનાના બ્રિગેડિયર રાજીવ નૈયરનું એમ કહેવું કેટલાય સવાલો ઊભા કરે છે કે તે અમારા માટે એક સામાન્ય ઘાયલ વ્યક્તિ જેવો જ છે અન એમ માનીને જ તેનો ઉપચાર કરાવવામાં આવી રહ્યો છે. આખરે આત્મઘાતી હુમલા માટે ભારતમાં ઘૂસેલો આતંકી આમ આદમી જેવો કેવી રીતે કહી શકાય? શું ઘાયલ થવાને કારણે તે આતંકી નથી રહ્યો? શું આપણે એની અવગણના કરી દઈએ કે તે ઘૂસણખોરી કરવામાં સફળ રહ્યો હોત તો આપણાં સુરક્ષા દળોના કોઈ ઠેકાણા કે પછી તેના કાફલા પર હુમલો કરતો. આવા કોઈ હુમલામાં શું થાત, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી.

કોઈના માટે પણ એ સમજવું મુશ્કેલ છે કે આત્મઘાતી હુમલા માટે ભારતમાં ઘૂસેલા આતંકી તબરીક હુસૈનને ૨૦૧૭માં કયા માનવીય આધાર પર છોડી દઈને પાકિસ્તાનને સોંપી દેવામાં આવતો હતો? શું આતંકીઓના પણ માનવાધિકાર હોય છે? કે પછી માની લેવામાં આવ્યું છે કે તેમના પર દયા દેખાડીને તેમનું હૃદય પરિવર્તન કરી શકાય છે? જો એવું કંઈક વિચારવામાં આવતું હોય તો તે આત્મઘાતી ઉદારતા સિવાય બીજું કશું જ નથી. વાસ્તવમાં આ ઘટના એ જ સદીઓ જૂની માનસિકતાની યાદ દેવડાવે છે જે અંતર્ગત આપણા અસ્તિત્વને ભૂંસી નાખવા તત્પર ખૂંખાર-બર્બર આક્રાંતાઓ પ્રત્યે પણ ઉદારતા દેખાડવામાં આવતી હતી અને તેમને જડમૂળથી ખતમ કરવાને બદલે તેમને માફ કરી દેવામાં આવતા હતા. ઈતિહાસ સાક્ષી છે કે આવું કરવાનાં કેટલાં ઘાતક પરિણામ જોવા મળ્યાં છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### ૫ મી સપ્ટેમ્બર, શિક્ષક દિનના દિવસે


# અધ્યાપક સહાયકો કાળી પટ્ટી કાળા/ કપડાં પહેરીને શૈક્ષણિક કાર્ય કરશે અને અધ્યાપક સહાયકો પ્રત્યે સરકારના બેવડા માપદંડોનો વિરોધ કરશે.

દાહોદ, ગુજરાત રાજ્યની ૩૫૬ ગ્રાન્ટેડ કોલેજોમાં પાંચ વર્ષ ફિક્સ પગારમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકોના મુખ્ય પડતર પ્રશ્નો જેવા કે પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણવી, ફાજલ તરીકેનું રક્ષણ આપવું, સાતમાં પગાર પંચ મુજબ ફિક્સ પગારમાં વધારો કરવો વગેરે બાબતે સરકારમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦ કરતાં પણ વધારે આવેદનપત્રો આપી રજૂઆતો કરવામાં આવી છે. છતાં પણ સરકરના પેટનું પાણી પણ હલતું ન હોવાથી અધ્યાપક સહાયકો પણ હવે ગાંધી ચિંધ્યા માર્ગે સત્યાગ્રહ કરવા મજબૂર થયા છે. અધ્યાપક સહાયકો આ સત્યાગ્રહની શરૂઆત ૫ મી સપ્ટેમ્બરે (સોમવારે) શિક્ષક દિનના દિવસે કાળી પટ્ટી કાળા/ કપડાં પહેરીને કરશે તેવું ગુજરાત રાજ્ય અધ્યાપક સહાયક મંડળના પ્રમુખ ડો. શશિકાંત તેરૈયાની પ્રેસ યાદીમાં જણાવેલ છે. ડો. શશિકાંત તેરૈયા એ અધ્યાપક સહાયકોના પડતર પ્રશ્નો અંગે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે વિદ્યા સહાયકો, શિક્ષણ સહાયકો સહિત કુલ આશરે બે લાખ બોત્તેર હજાર જેટલા ફિક્સ પગારના કર્મચારીઓની પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણવાની જોગવાઈ કરેલ છે. ત્યારે માત્ર ૧૨૦૦ જેટલા અધ્યાપક સહાયકોને જ આ લાભથી વંચિત રાખી તેઓની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૭ માં ઠરાવ કરીને વર્ષ ૨૦૦૬ પછીની ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓની નોકરી સળંગ ગણેલ છે. ત્યારબાદ તાજેતરમાં તારીખ ૧૭-૦૮-૨૦૨૨ ના રોજ માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ રાજ્ય મંત્રી મંડળની કેબિનેટ બેઠકમાં વર્ષ ૨૦૦૬ પહેલાની ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓની નોકરી પણ સળંગ ગણવાનો નિર્ણય કર્યો. ત્યારે તેમાથી પણ અધ્યાપક સહાયકોને વંચિત રાખવામા આવ્યા છે અને જેના લીધે સમગ્ર અધ્યાપક આલમમાં સરાકર પ્રત્યે નારાજગી જોવા મળી રહી છે અને જેનો વિરોધ અધ્યાપકો શિક્ષક દિન દિવસે કાળી પટ્ટી ધારણ કરીને કરશે.

આ ઉપરાંત રાજ્યની સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારમાં નિમણૂક પામેલા વિદ્યા સહાયકો/શિક્ષણ સહાયકો/વહીવટી સહાયકોને ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવેલ છે, પરંતુ અધ્યાપક સહાયકોને પાંચ વર્ષ ફિક્સ પગાર દરમ્યાન કે પાંચ વર્ષ પૂર્ણ કરી પૂરા પગારમાં સમાવ્યા બાદ પણ ફાજલ રક્ષણ આપવા બાબતની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. જેનાથી પોતાની નોકરીની સલામતીના ભય હેઠળ સતત માનસિક દબાણમાં આ અધ્યાપકો નોકરી કરી રહ્યા છે. આથી અધ્યાપક સહાયકોને પણ કોલેજમાં વર્ગ ઘટાડો થતાં કે કોલેજ બંધ થતાં બિન શરતી કાયમી ફાજલનું રક્ષણ આપવા આવે તેવી માંગ અધ્યાપક સહાયક મંડળ દ્વારા કરવામાં આવી રહી છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, અધ્યાપકોની ભરતી, પગાર, પ્રમોશન વગેરે નીતિનિયમો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા નિયમન કરવામાં આવે છે. યુજીસી માં અધ્યાપકોની ભરતી પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગારમાં અધ્યાપક સહાયક તરીકે કરવી એવી કોઈ જોગવાઈ નથી. સરકારી કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોના પ્રોફેસરોના પગારની ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી સમાન આવતી હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ થી ગ્રાન્ટેડ કોલેજોમાં અધ્યાપકોની ભરતી પૂરા પગારમાં કરવાને બદલે અધ્યાપક સહાયક તરીકે ફિક્સ પગારમાં કરવામાં આવે છે. જ્યારે રાજ્યની સરકારી કોલેજોમાં અધ્યાપકોની ભરતી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પહેલા દિવસથીજ પૂરાં પગારમાં કરવામાં આવે છે. અધ્યાપક સહાયકોની શૈક્ષણિક લાયકાત અને કામના ધોરણો યુજીસીની જોગવાઈ પ્રમાણે માંગવામાં આવે છે. પરંતુ રજા, પગાર અને અન્ય સેવાકીય લાભો આપવાની બાબતમાં યુજીસીના નિયમોને પડતાં મૂકીને રાજ્ય સરકાર ફિક્સ પગારમાં ભરતી કરે છે. આમ, આ અધ્યાપક સહાયકોને લાભ આપવાની બાબતમાં રાજ્ય સરકાર બેવડા માપદંડો અપનાવતી હોય સ્પષ્ટ તેવું જણાય છે. અધ્યાપક સહાયકોના પડતર પ્રશ્નો અંગે આગામી ટૂંક સમયમાં સરકાર તરફથી જો કોઈ ઉકેલ આપવામાં નહીં આવે તો આગામી સમયમાં રાજ્ય વ્યાપી આંદોલનના ઝલદ કાર્યક્રમો કરવામાં આવશે.

## ઝાલોદ નગરના લીમડી મુકામે ખાટું શ્યામજી બાબાનો ભવ્ય દરબાર સાથે ભજન પ્રોગ્રામ યોજાયો



ઝાલોદ, ખાટું શ્યામ બાબાની કળિયુગમાં સાક્ષાત દેવ તરીકે હવે દરેક લોકોના ઘર ઘરમાં પૂજા થઈ રહી છે. બાબા શ્યામમાં સાચા ભાવ, શ્રદ્ધા અને સમર્પણ થી જો પૂજવામાં આવે તો તે ભક્તોની દરેક મનોકામનાઓ પૂર્ણ કરે જ છે. રાજસ્થાનમાં નાનકડા ગામ ખાંટુમાં સાક્ષાત રૂપે બિરાજનાર બાબા શ્યામના દર્શન કરવા લાખ્ખોની સંખ્યામાં લોકો આવે છે અને બાબા શ્યામની પાસે સાચા ભાવથી અરજી મૂકે છે. બાબા શ્યામના ભક્તો હવે બાબા શ્યામને સાક્ષાત મળવા અને ભક્તોને મળાવવા માટે ગામે ગામ બાબા શ્યામનો દરબાર સજાવી ભજનોથી બાબા શ્યામના ગુણગાન કરે છે.

ઝાલોદ નગરના લીમડી મુકામે ૦૩-૦૯-૨૦૨૨ નાં રોજ રાત્રે ૮ વાગે જૈન મંદિર ચાર રસ્તા પર ખાટું શ્યામ બાબાનો ભવ્ય સંકીર્તન યોજાયો. ખાટું શ્યામજી નાં ભજનની રમઝટ રાજગઠ ( મધ્ય પ્રદેશ)થી આવેલ દુર્ગા ગામડ અને ધામનોદ ( મધ્ય પ્રદેશ) થી પારસ પાટીદાર દ્વારા કરવામાં આવી હતી. લીમડીમાં બાબા શ્યામનો સજાવેલ ભવ્ય દરબાર બાબા શ્યામના સાક્ષાત્કાર કરાવતું હતું. બાબા શ્યામના દર્શન કરવા અને જ્યોત લેવા લાંબી લાઈનો લાગી હતી. બાબા શ્યામના ભજનનું રસપાન કરવા માટે લીમડી મુકામે ઝાલોદ, સુક્ષર, સંજેલી, ફતેપુરા, કદવાળ, દાહોદ તેમજ આજુ બાજુના ગ્રામીણ વિસ્તારોમાંથી ખૂબ મોટા પ્રમાણમાં લોકો આવ્યા હતા. બાબા શ્યામના ભજનનો લહાવો લેવા ખૂબ મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું. થોડી થોડી વારમાં ભક્તો બાબા શ્યામનો જય જયકાર કરતા રહેતા હતા. લીમડી નગરમાં હારે કા સહારા બાબા શ્યામ હમારા, ખાટું નરેશ કી જય, તીન બાણ ધારી કી જય જેવા ભકિતમય નારા થી આખું નગર ગુંજી ઉઠ્યું હતું. બાબા શ્યામના ભવ્ય દરબાર સાથે ફૂલોનો વરસાદ તેમજ ઈત્તરનોં છટકાંવ અને છપ્પન ભોગનો પ્રસાદ પણ રાખવામાં આવેલ હતું. બાબા શ્યામના કીર્તનમાં ભક્તો નાચતા ઝુમતા જોવા મળતા હતા. આવેલ દરેક ભક્તો બાબા શ્યામની ભકિતમાં લીન થઈ ગયેલા જોવા મળતા હતા. શ્યામ બાબાના ભજન મોડી રાત સુધી ચાલતા રહ્યા હતા અને ભક્તોને બાબા શ્યામ સાક્ષાત દર્શન થયા હોય તેવો એહસાસ થતો હતો. લીમડી નગરના શ્યામ પ્રેમીઓ દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આવું આયોજન વારંવાર થાય તેવો ભાવ ભક્તો ઈચ્છી રહ્યાં હતાં. છેલ્લે શ્યામ મિત્ર મંડળ દ્વારા આરતી કરી અને છપ્પન ભોગનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## ઝાલોદના સાંપોઈ ગામે ફોર વ્હીલ માંથી ૧.૧૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો



દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના સાંપોઈ ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા. ૧,૧૭,૬૦૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાંનું જ્યારે પોલીસને ચકમો આપી ફોર વ્હીલર ગાડીમાં સવાર ચાર જણા નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ ઝાલોદ પોલીસે સાંપોઈ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને પોલીસને દુરથી જોઈ ગાડીમાં સવાર હાર્દિપ ઉર્ફે દિલીપભાઈ રાકેશભાઈ વસૈયા (રહે. સાંપાઈ), બાદલભાઈ શશીકાન્તભાઈ હઠીલા (રહે. પારેવા, તા. ઝાલોદ), રોહિતભાઈ પ્રદિપભાઈ વણઝારા (રહે. ડબગરવાસ, લીમડી, તા. ઝાલોદ) અને શક્તિભાઈ ગલાભાઈ હઠીલા (રહે. આબા રીછુમરા ફળિયા, તા. ઝાલોદ) નાઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૮૫૨ કિંમત રૂા. ૧,૧૭,૬૦૦નો પ્રોહી જથ્થો પોલીસે કબજે કરી ઝાલોદ પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લાના માજી સૈનિક દ્વારા સરકારના આભાર દર્શન કાર્યક્રમ યોજાયો

દાહોદ, દાહોદ નગરના પ્રસંગ પાર્ટી પ્લોટ ટોપી હોલ ગોવિંદ નગર ખાતે દાહોદ જિલ્લામાંજી સૈનિક સંગઠન દ્વારા ગુજરાત સરકારનું આભાર દર્શન કાર્યક્રમ કરવામાં આવ્યો. માજી સૈનિક સંગઠનની સરકાર પાસે માંગણી હતી એ માંગણીઓ પૂરી થઈ. આ પ્રસંગે ગુજરાત માજી સૈનિક સેવા સંગઠન ફાઉન્ડેશનના અધ્યક્ષ જીતેન્દ્રભાઈ નિમાવત, ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લાના અધ્યક્ષ શંકરભાઈ અમલીયાર, મહામંત્રી કનૈયાલાલ કિશોરી, પૂર્વ પ્રમુખ ભાજપ સુધીરભાઈ લાલપુરવાલા, દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠનના અધ્યક્ષ શંકરભાઈ મોહનિયા, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, ગરબાડા પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ શહેર મહામંત્રી અર્પિલ શાહ, નવલભાઈ ભાભોર, તાલુકા પંચાયત પ્રમુખ વિજયભાઈ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્રભાઈ ભાભોર, માજી સૈનિક સંગઠનના ઉપપ્રમુખ હિંમતભાઈ પરમાર, કરાટે માસ્ટર રાકેશ ભાટીયા, પરેશભાઈ પંચાલ, જશવંતભાઈ સંગાડા, હિમાંશુભાઈ પંચાલ, માજી સૈનિક સંગઠનના સૈનિકો વિરાઙ્ગાઓ, આગેવાનો ટ્રેનિંગ લેતા વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## દાહોદ જીલ્લાના માજી સૈનિક દ્વારા સરકારના આભાર દર્શન કાર્યક્રમ યોજાયો

દાહોદ, દાહોદ નગરના પ્રસંગ પાર્ટી પ્લોટ ટોપી હોલ ગોવિંદ નગર ખાતે દાહોદ જિલ્લામાંજી સૈનિક સંગઠન દ્વારા ગુજરાત સરકારનું આભાર દર્શન કાર્યક્રમ કરવામાં આવ્યો. માજી સૈનિક સંગઠનની સરકાર પાસે માંગણી હતી એ માંગણીઓ પૂરી થઈ. આ પ્રસંગે ગુજરાત માજી સૈનિક સેવા સંગઠન ફાઉન્ડેશનના અધ્યક્ષ જીતેન્દ્રભાઈ નિમાવત, ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લાના અધ્યક્ષ શંકરભાઈ અમલીયાર, મહામંત્રી કનૈયાલાલ કિશોરી, પૂર્વ પ્રમુખ ભાજપ સુધીરભાઈ લાલપુરવાલા, દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠનના અધ્યક્ષ શંકરભાઈ મોહનિયા, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશ લબાના, ગરબાડા પ્રમુખ પ્રજીતસિંહ રાઠોડ શહેર મહામંત્રી અર્પિલ શાહ, નવલભાઈ ભાભોર, તાલુકા પંચાયત પ્રમુખ વિજયભાઈ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય મહેન્દ્રભાઈ ભાભોર, માજી સૈનિક સંગઠનના ઉપપ્રમુખ હિંમતભાઈ પરમાર, કરાટે માસ્ટર રાકેશ ભાટીયા, પરેશભાઈ પંચાલ, જશવંતભાઈ સંગાડા, હિમાંશુભાઈ પંચાલ, માજી સૈનિક સંગઠનના સૈનિકો વિરાઙ્ગાઓ, આગેવાનો ટ્રેનિંગ લેતા વિદ્યાર્થીઓ ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## ગરબાડા વિધાનસભામાં આમ આદમી પાર્ટીની લહેર..


ગરબાડા, આમ આદમી પાર્ટીની વિચારધારા અને ગરબાડા વિધાનસભાના સંગઠન મંત્રી મેસુલભાઈ માવીના મજબૂત નેતૃત્વ અને પાર્ટીના અતિ સંનિષ્ઠ કાર્યકરો અને હોદ્દેદારોના અથાગ પ્રયત્નો અને પરિશ્રમ હેઠળ આમ આદમી પાર્ટી ગરબાડા નું પરિવાર દિવસે ને દિવસે વિશાળ અને મજબૂત બની રહ્યું છે.

આજ રોજ વિધાનસભા સંગઠન મંત્રી મેસુલભાઈ માવીની આગેવાનીમાં, સ્ટેટ શિક્ષણ સચિવ ભાનુપ્રસાદ પરમાર, જિલ્લા ઉપપ્રમુખ હાર્દિકકુમાર સોલંકી, જિલ્લા મહિલા અધ્યક્ષ જીજ્ઞાસા પારગીની ઉપસ્થિતિમાં, સહ સંગઠન મંત્રી મહેશભાઈ ગૂંડિયા, ગોરચંદભાઈ બારીયાની ઉપસ્થિતિમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટીના વધતા વર્ચસ્વ અને લોકચાહના થી આકર્ષિત થઈને નાઢેલાવ ગામના રહેવાસી અને ગરબાડા તાલુકાના માજી પ્રમુખ ઉષાબેન શૈલેષભાઈ ભાંભોર તેમજ ગરબાડા વિધાનસભા કોંગ્રેસ યુવા ઉપપ્રમુખ શૈલેશભાઈ ભાભોરની આગેવાનીમાં ગામ ના લગભગ ૧૦૦ જેટલા આગેવાનો સહિત ૪૦૦ ગ્રામજનો આમ આદમી પાર્ટી ગરબાડામાં જોડાયા અને આવનાર સમયમાં ગરબાડા વિધાનસભામાં આપ ને વિજયી બનાવવા અગ્રેસર રહીને પાર્ટીમાં કામ કરવાની તૈયારી દર્શાવી હતી.

## ફતેપુરામાં ઘુઘસ રોડ પર શાંતિ નગર ગણેશ યુવક મંડળ દ્વારા સંગીતમય સુંદર કાંડનો પાઠ કરાયો




દાહોદ, દાહોદ જિલ્લા ફતેપુરા તાલુકાના મુખ્ય મથક શાંતિનગર ઘુઘસ રોડ ખાતે ગણેશ યુવક મંડળ દ્વારા ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. આ યુવક મંડળ દ્વારા દર વર્ષની પ્રજાના કલ્યાણ માટે સુંદરકાંડ અને કથાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે યુવકો દ્વારા ફતેપુરા ના સાઈ સુંદરકાંડ મંડળને કથા અને સુંદરકાંડ કરવા માટે આમંત્રણ આપ્યું. સુંદરકાંડમાં લાલાભાઈ પંચાલ તથા તેમની ટીમએ સુંદરકાંડની ભકતમાં ભક્તોને તરબોળ કરી દીધા સુંદરકાંડ એટલી સરસ રીતે કરવામાં આવ્યો કે ભક્તો ઝુમી ઉઠ્યા. આ ઉપરાંત લાલાભાઈ પંચાલે માં-બાપને ભૂલશો નહીં વિષય ઉપર અને દીકરી વાલનો દરીયો વિષય ઉપર ભક્તોને જે કથા સંભળાવવાની એ તો ખરેખર સાંભળવા લાયક હતી. આ માટે સાંભળનાર ભક્તોએ લાલાભાઈને ખૂબ ખૂબ આભાર આપી આશીર્વાદ પાઠવ્યા.















Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.13

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરામાં આજે પાંચ દિવસના આતિથ્ય ભાવવાદ ગણેશ વિર્સજન યાત્રા યોજાશે

**ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં વિર્સજન યાત્રા પુરી કરવા તંત્ર સજ્જ.**

**વિર્સજન યાત્રામાં ૨૬૬૬ જેટલા અધિકારી, કર્મચારીઓ સુરક્ષામાં તૈનાત રહેશે.**





ગોધરા, ગોધરા નગરમાં આસ્થા અને ભકિતભાવ થી ભકતોનું ડી.જે. તેમજ ઢોલના તાલે નાચતા-ગાતા ભકતો શ્રીજીને વિદાય આપશે. યોજાનાર વિર્સજન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરાવવા માટે તંત્ર સજજ બન્યું છે અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ગોધરા નગરમાં કોરોના કાળના બે વર્ષ ગણેશ મહોત્સવની ઉજવણી કરાઈ ન હતી. ત્યારે ગોધરા નગરજનોમાં ગણેશ મહોત્સવનો જે ઉત્સાહ હતો. તેમાં ભંગ પડયો હતો. ચાલુ વર્ષે શ્રીજી ભકતો ગણેશ મહોત્સવમાં બે વર્ષની કસર પુરી કરવા ઉત્સાહિત બન્યા છે. શહેરના મહોલ્લા, સોસાયટીઓ, શેરીઓ તેમજ જાહેર સ્થળો ગણેશ મંડળો દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી માટે શ્રીજીની મૂર્તિઓ સ્થાપિત કરી પાંચ દિવસનું આતિથ્ય માણવા આવેલ શ્રીજી આસ્થા અને ભકિતભાવ પૂર્વક પૂજા-અર્ચનામાં લીન બન્યા હતા. ગોધરામાં વર્ષોથી ચાલતી પરંપરા મુજબ શ્રીજીના પાંચ દિવસના આતિથ્ય બાદ આજે ભવ્ય ગણેશ વિર્સજન યાત્રા યોજાનાર છે. વિર્સજન યાત્રામાં ૧૦૦ ઉપરાંત ગણેશ મંડળો વિર્સજન યાત્રામાં જોડાય તેવી શકયતાઓ છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનાર ગણેશ વિર્સજન યાત્રા શાંતિપૂર્ણ અને ભાઈચારાના માહોલમાં પુરી કરાવવા માટે સજજ બન્યું છે. શહેરના ગણેશ વિર્સજન રૂટ ઉપર ચુસ્ત અને ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિશ્વકર્મા ચોક ખાતે થી બપોરના ૧૨.૩૦ વાગ્યે ગણેશ વિર્સજન યાત્રા શરૂકરવામાં આવશે. ગણેશ વિર્સજન યાત્રાના રૂટને ૮ સેકટરમાં વહેંચવામાં આવ્યો છે. પશ્ચિમ વિસ્તારના ૧૫ સ્થળ સંવેદનશીલ નકકી કરાયા છે. ત્યાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સાથે વિર્સજન યાત્રા રૂટ ઉપર ૬૭ વિડીયો ગ્રાફર, ૩૬ સી.સી.ટીવી અને ૪ ડ્રોન કેમેરા થી યાત્રા ઉપર નજર રાખવામાં આવશે. વિર્સજન યાત્રા પરંપરાગત રૂટ ઉપર થી રામસાગર તળાવ પહોંચીને મૂર્તિઓ વિર્સજીત કરવામાં આવશે.

## શહેરામાં ગણપતિ વિસર્જન શોભાયાત્રાને લઈને પોલીસ દ્વારા ગણેશ રૂટ પર ફલેગ માર્ચ યોજાઈ હતી



શહેરા, પંચમહાલ જિલ્લાના શહેરા નગર સહિત વિવિધ વિસ્તારોમાં ભારે ભક્તિભાવ પૂર્વક શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. ભક્તો પાંચ દિવસ સુધી ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કર્યા બાદ આવતીકાલે શનિવારે શ્રીજીનું વિસર્જન કરવામાં આવશે. જેમાં દુંધાળા દેવની શોભાયાત્રા યોજવામાં આવશે. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાની સાથે રવિવારના રોજ ગણેશ રૂટ પર પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. પોલીસે શોભાયાત્રા નીકળવાના રૂટનું નિરીક્ષણ કરી પોલીસ ટુકડીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રીજીની શોભાયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

## ગોધરાના મકાન અને માર્ગ વિભાગ પંચાયત તેમજ સ્ટેટ વિભાગના પાંચ કામદારોને ગ્રેજ્યુએટી રજાઓ લાભો ચૂકવી આપવા ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલ મકાન અને માર્ગ પંચાયતમાં વર્ષોથી ફરજ બજાવતા કામદાર લદ્દુ ભુલા પરમાર, રણછોડ મચજી સોલંકી, લદ્દુ બાપુ પરમાર અને માર્ગ મકાન સ્ટેટમાં કાભસિંહ ગલા બારીયા અને મહીજી કાળુ સોલંકી વિગેરે લાંબા સમયની રોજમદાર તરીકે નોકરી બાદ ૬૦ વર્ષની નોકરી પૂર્ણ થતા સરકારશ્રીના નિયત કરેલી નિયમો મુજબ તેઓની વર્ષ ૨૦૦૫માં નિવૃત કરવામાં આવે નિવૃત્તિ સમયે તેઓને નિયત કરેલ નિયમો અનુસાર પેન્શન ગ્રેજ્યુટી રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના હક્કો ચૂકવવાની જોગવાઈ હોવા છતાં સરકાર શ્રી તરફથી તેઓને કોઈપણ પ્રકારના નાણાંકીય હકો ચૂકવવામાં આવેલ ન હતા. જે થકી પાંચ કામદારો નારાજ થઈ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈને મળી તેમને થયેલા ન્યાય બાબતે રજૂઆત કરેલ ફેડરેશન દ્વારા સરકારના લાગતા વળગતા અધિકારીઓને નિવૃત્તિ બાદના લાભો ચૂકવી આપવા બાબતે નોટિસ પાઠવે પરંતુ તે બાબતે સરકાર શ્રી તરફથી કોઈ યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. જેને લઈ પાંચ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેમને થયેલ અન્યાય બાબતે એસ.સી.એ.નંબર ૬૨૫૪/૧૯ દાખલ કરી એ કેસે લગતા તમામ દસ્તાવેજી પુરાવા નામદાર અદાલત સમક્ષ રજુ કરેલ તે તમામ દસ્તાવેજો ધ્યાને ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ એ તારીખ ૧૭/૮/૨૨ આ પાંચ કામદારોને નિવૃત્તિની તારીખથી પૂરેપૂરૂ પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના લાભો ચૂકવવાનો આખરી આદેશ કરતા પાંચ પરિવારોને લાંબા સમય બાદ પેન્શન યોજનાનો લાભ મળતા પરિવારમાં આનંદ છવાયો છે, તેમ જ માર્ગ અને મકાન પંચાયત અને સ્ટેટના કામદારોએ આ હુકમને આવકારી ફેડરેશનનો આભાર માનેલ છે.

## શહેરા નગરપાલિકા દ્વારા ગણેશ વિસર્જન સમયે નગરના રસ્તાઓ પર પડેલા ખાડા યુદ્ધના ધોરણે પુરવામાં આવ્યા હતા



શહેરા, પંચમહાલ જિલ્લાના શહેરા નગરપાલિકા વિસ્તારમાં દુધાળા દેવ ગણેશજીની ગણેશ ભક્તો દ્વારા સ્થાપના કરવામાં આવી હતી અને પાંચ દિવસનું આતિથ્ય માણ્યા બાદ સોમવારના રોજ ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે. ત્યારે ગણપતિ વિસર્જન નિમિત્તે નગરના વિવિધ માર્ગો પર શ્રીજી પ્રતિમાની શોભાયાત્રા નીકળશે. જેને લઈને શહેરા નગરપાલિકા દ્વારા નગરના રસ્તાઓ પર પડેલા ખાડા પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકા વિસ્તારના મેઈન બજાર, હોળી ચકલા બજાર, ભાવસાર હોસ્પિટલ વિસ્તાર સહિતના અન્ય કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ પર ખાડા પડેલ હોવાથી વાહન ચાલકો તેમજ રાહદારીઓને ઘણીખરી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ પાલિકા તંત્ર જાગ્યું તો આખરે ગણેશ વિસર્જન સમયે જેથી એવું કહી શકાય કે માત્ર ગણેશ વિસર્જન સમયે જ નગરના માર્ગો પર વાહનો નિકળશે. જ્યારે અન્ય દિવસોમાં વાહનોની અવર જવર નહીં થાય તેમ સમજીને પાલિકા તંત્રને રસ્તાઓ પર ખાડા નજરે નહીં પડ્યા હોય અને જાણે કે ઉંઘમાંથી જાગ્યું હોય તે પ્રકારે પાલિકા તંત્રએ ગણેશ વિસર્જન પૂર્વે નજીવી માટી કે મોરમ નાખી ખાડા પુરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે પ્રશ્ન એ થાય છેકે, શહેરા નગરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર પડેલ ખાડા પાલિકા તંત્ર દ્વારા કાયમી પુરવામાં આવશે કે પછી માત્ર દેખાવ ખાતર કામગીરી કરવામાં આવી એવું તો નથી ને ?

## શહેરા તાલુકાના નાંદરવા ગામે વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ઝાલાનો મેળો ભરાયો



શહેરા તાલુકાના નાંદરવા ગામે વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ઝાલાનો મેળો ભરાયો હતો. જેમાં મોટી સંખ્યામાં પશુપાલકો સહિતના લોકો ઉમટી પડ્યા હતા. આ મેળામાં પશુપાલકોએ ઝાલા બાપાજીના દર્શન કરી પોતાના પશુઓ તંદુરસ્ત અને સ્વસ્થ રહે તે માટે બાધા આખડી લીધી હતી.પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના નાંદરવા ગામે આવેલ ઝાલા બાપજીના મંદિરે દરવર્ષે પરંપરાગત રીતે ભાદરવા માસના બીજા રવિવારે ઝાલા બાપજીનો મેળો ભરાતો હોય છે. જેમાં પશુપાલકો પોતાના પશુઓને બાધા આખડી લેવા માટે આવતા હોય છે. ત્યારે આ વર્ષે પણ ભાદરવા માસના બીજા રવિવારે નાંદરવા ગામના ઝાલા બાપજીના મંદિરે વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ઝાલા બાપજીનો મેળો ભરાયો હતો. આ મેળામાં નાંદરવા ગામ તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં પશુપાલકો સહિતના લોકો ઉમટી પડ્યા હતા. જેમાં લોકો મોજમાણવાની સાથે અનેક ચીજવસ્તુઓની ખરીદી માટે કરતા નજરે પડ્યા હતા. તો યોજાયેલ ઝાલા બાપજીના મેળામાં આવેલા પશુપાલકો પોતાના દુધાળા પશુઓના દીર્ઘ આયુષ્ય માટે અને આખું વર્ષ દૂધ આપનારા બની રહે તે માટે ઝાલા બાપજીની પૂજા અર્ચના કરીને પોતાના પશુઓ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે માટે બાધા આખડી લીધી હતી. આ મેળામાં વિવિધ પ્રકારના માટીના વાસણો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. તો મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અહીં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. જાણવા મળ્યા પ્રમાણે અહીં પૂજારી દ્વારા આપવામાં આવેલો 'ઘી' વાળી સુખડીનો પ્રસાદ દિવા પર ફેરવીને પશુપાલકો પોતાના પશુઓને ખવડાવતા હોય છે. જેનાથી તેમના પશુઓનું આખું વર્ષ સુખમય, દીર્ઘાયુ બની રહેતું હોવાની સાથે લોકોની અનેક મનોકામનાઓ પૂર્ણ થતી હોવાની માન્યતા છે.

## ગોધરા તાલુકાના કેવડીયા ગામેથી કન્ટેનરમાં ઘરવખરીની આડમાં લઈ જવાતો ૩.૪૫ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ગોધરા, ગોધરા તાલુકાના કેવડીયા ગામ પાસે ટાટા કન્ટેનરને એલ.સી.બી.પોલીસે શંકાના આધારે રોકી ચેકીંગ કરવામાં આવતાં ઘરવખરીની આડમાં લઈ જવાતા ૩,૪૫,૧૮૦/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂના જથ્થા સહિત ૧૨,૧૧,૨૮૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કેવડીયા ગામ પાસે એલ.સી.બી. પોલીસે શંકાના આધારે કન્ટેનર નંબર ડીએલ.૧.જીસી.૬૧૭૮ને રોકીને ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન કન્ટેનરમાં ઘરવખરીની આડમાં સંતાડીને લઈ જવામાં આવતાં ઈંગ્લીશ દારૂની નાની-મોટી દારૂની બોટલો નંગ-૨૩૪૦ કિંમત ૩,૪૫,૧૮૦/- રૂપીયાનો જથ્થો ઘરવખરીનો સામાન કિંમત ૧૨,૧૦૦/- રૂપીયા, મોબાઈલ ફોન, ગાડીના કાગળો મળી કુલ ૧૨,૧૧,૨૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે જીતેન્દ્ર જગતસિંહ વાલ્મિકી, ધુવીન (રહે. રોહતક, હરિયાણા)ને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### દાહોદ શહેરના ભરપોડા સર્કલની સામેથી એક મોટરલાઈકલ ચોરી

દાહોદ ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ દાહોદ શહેરના રાવળીયાવાડ વિસ્તાર ખાતે રહેતાં વીજયભાઈ કાન્તીલાલ રાવળ દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ ભરપોડા સર્કલની સામે લોક મારી પાર્ક કરી ગયાં હતાં. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વીજયભાઈ કાન્તીલાલ રાવળે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### શહેરા તાલુકાના આસુંદરીયા ગામે રહેણાંક વિસ્તારમાં આશરે ૧૨ ફુટ લાંબો અજગર આવી ચઢતા રેસ્ક્યુ ટીમે અજગરનું રેસ્ક્યુ કરી સલામત સ્થળે છોડી મુક્યો



શહેરા, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના પાનમ ડેમ વિસ્તારમાં આવેલ આસુંદરીયા ગામના મછાર ફળિયામાં રહેતા મનસુખભાઈ સોમાભાઈ મછારના ઘર નજીક રાત્રિના સમયે વિશાળ લંબાઈ ધરાવતો અજગર આવી ચઢ્યો હતો. જેને લઈને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રહેણાંક વિસ્તારમાં અજગર આવી ચઢ્યો હોવાની જાણ સ્થાનિકો દ્વારા શહેરા વનવિભાગને કરવામાં આવી હતી. જેને લઈને શહેરા રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.વી.પટેલના માર્ગદર્શન હેઠળ વનવિભાગ અને મુકત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટીમે આસુંદરીયા ગામે પહોંચી અજગરનું રેસ્ક્યુ કરી આશરે ૧૨ ફૂટ લાંબા અજગરને પડકી પાડી સહી સલામત રીતે જંગલ વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો.